**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૧ ટકા

# આઈઆઈટી-ગાંધીનગરના ૧૧મા કોન્વોકેશનમાં ૩૯૭ વિદ્યાર્થીઓને સ્નાતકની પદવી એનાયત

## પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર ડો કૃષ્ણસ્વામી વિજય રાઘવન ઉપસ્થિત



ગાંધીનગરઃ તા.૩૧

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી કેમ્પસમાં ગઈકાલે કોરોના લોકડાઉન બાદ પહેલીવાર ઑફલાઈન યોજાયેલા ૧૧મા દીક્ષાંત સમારોહમાં કુલ ૩૯૭ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. સંસ્થાએ ૧૭૯ BTech વિદ્યાર્થીઓ, ૪ ડ્યુઅલ મેજર BTech વિદ્યાર્થીઓ, ૧ BTech-MTech ડ્યુઅલ ડિગ્રી વિદ્યાર્થી, ૩ BSc in Engineering, ૪૩ MTech વિદ્યાર્થીઓ, ૧૦૫ MSc વિદ્યાર્થીઓ, ૨૦ MA વિદ્યાર્થીઓ, ૩૯ PhD વિદ્યાર્થીઓ, અને ૩ PGDIIT વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી હતી. આ વર્ષે, ૩૫ વિદ્યાર્થીઓએ ૫૦ મેડલ મેળવ્યા; શૈક્ષણિક, ઉત્કૃષ્ટ સંશોધન, નવીનતા, સમાજ સેવા, રમતગમત, કલા અને સંસ્કૃતિ વગેરે જેવી વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠતા માટે ૩૩ સુવર્ણ ચંદ્રકો અને ૧૭ રજત ચંદ્રકો. આ વર્ષે, ૨૦૨૨ના વર્ગના ૧૨ વિદ્યાર્થીઓએ સામાન્ય આઠ સેમેસ્ટર કરતાં ઓછા સેમેસ્ટરમાં તેમની BTech પૂર્ણ કરી છે. આ પ્રસંગે ભારત સરકારના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર ડૉ કૃષ્ણસ્વામી વિજય રાઘવન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને તેમના સંક્ષિપ્ત છતાં પ્રોત્સાહક દીક્ષાંત સંબોધનમાં, ડૉ. કૃષ્ણસ્વામી વિજય રાઘવને વિદ્યાર્થીઓને આ યુગમાં આબોહવા પરિવર્તન, પર્યાવરણીય અધોગતિ, ઉર્જાની જરૂરિયાતો અને રોગચાળા સહિતના પડકારોને ઉકેલવા વિદ્યાર્થીઓને વિનંતી કરી હતી. યુવા સ્નાતકોને તેમના રોજિંદા જીવનમાં થોડો સમય ફાળવવા અને આવા કેટલાક કાર્યો તરફ વિચારવા અને કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરતાં, જે કદાચ તાકીદનું ન લાગે, પરંતુ લાંબા ગાળે મહત્વપૂર્ણ છે, તેમણે કહ્યું, "આજના પડકારોનો ઉન્માદ અને કટોકટી આપણને આના પર કોઈ અસર નથી કરતી. કદાચ શું મહત્વનું છે તે વિચારવા માટે ઘણો સમય, પરંતુ જરૂરી નથી કે તાત્કાલિક. તેથી આવી બાબતોનો સામનો કરવા માટે આપણે આપણા દિવસ, સપ્તાહ કે મહિનામાં અને આપણી વાતચીતમાં થોડો સમય વિભાજીત કરવો જોઈએ. તમે વિચારો પર વિચાર કરી શકો છો અને કામ કરી શકો છો જેમ કે આપણું મગજ કેવી રીતે વિકસિત થાય છે, આ ચેતના કેવી રીતે આવે છે, ઊર્જાના ભાવિ સ્ત્રોતો શું છે, વગેરે. આ પ્રકારના મહત્વપૂર્ણ મુદ્દાઓ પરના સંવાદો અને તેમાંથી શીખવાથી અમને આવતીકાલના તાકીદના પડકારોનો સામનો કરવાની મંજૂરી મળશે."

# ઉવારસદની વાવની જાળવણી માટે હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર સાથે એમઓયુ

## વાવને ૩ વર્ષ અને હાલીસા ખાતે કૂવાને ૨ વર્ષ માટે દત્તક લેવાયા



ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ખાતે ગઈકાલે તા.૩૦ જુલાઈ ૨૦૨૨ રોજ હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર દ્વારા ગામની પ્રાચીન વાવની ૩ વર્ષ સુધી જાળવણી માટે અને હાલીસાના પ્રાચીન કૂવાને ૨ વર્ષ સુધી જાળવણી માટે ગ્રામ પંચાયત સાથે એમઓયુ કરીને દત્તક લેવામાં આવ્યાં છે. બંને પૌરાણિક જગ્યાને જન ભાગીદારીથી ઉજાગર કરવા તથા જીવંત કરવા માટે આગમી આયોજન કરવામાં આવશે.

હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર દ્વારા ઉવારસદ ખાતે વાવને ૩ વર્ષ માટે દત્તક લેવામાં આવી છે અને અહીં આગામી સમયમાં વાવને લગતું મ્યુઝિયમ બનશે, જેમાં વાવ વિશેની પૂરી માહિતી અહીંથી પ્રાપ્ત થઈ શકશે જ્યારે હાલીસા ખાતે કૂવાને ૨ વર્ષ માટે દત્તક લેવામાં આવ્યો છે, શૈક્ષણિક રીતે તથા ટુરિઝમ બાબતે આગામી આયોજન કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન ઉવારસદ ખાતે કન્યા શાળાની ૧૧ દીકરીઓ દ્વારા વાવમાં નવા નીરના વધામણા કરી તેનું પૂજન કરાયું હતું તથા હાલીસા ખાતે પ્રાથમિક શાળાની દીકરીઓ દ્વારા જળ દેવતાની આરતી કરી પૂજન કરવામાં આવ્યું હતું. આ બંને ગામમાં ગ્રામજનો ખુબજ ઉત્સાહથી જોડાયા હતા.

# જુસિકા દ્વારા સે.૨૭ના દિવંગત મહિલાનું ચક્ષુદાન મેળવાયું

ગાંધીનગર તા.૩૧

ગાંધીનગર જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ગત તા.૩૦ જુલાઈ શનિવારે ચક્ષુદાન મેળવાયું હતું જેને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં સુરક્ષિત રીતે પંહોચાડવામાં આવ્યું હતું. ગાંધીનગરના સેક્ટર-૨૭માં પ્લોટ નં.૧૧૨૬/૨ખાતે રહેતા ૫૧ વર્ષીય ઉષાબેન વિજયભાઈ જાદવનું તા.૨૯મી જુલાઈ શુક્રવારના રોજ અવસાન થવા પામ્યું હતું. સ્વર્ગસ્થના કુટુંબીજન દિપકભાઈ બી. જાદવની સંમતિથી જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ચક્ષુદાન મેળવવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સ્વર્ગસ્થના ચક્ષુ એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મિતેષભાઈએ આપી હતી અને શુભમ અને મનિષભાઈ તેમજ જુસિકાના કાર્યકર દિલીપભાઈ દંતાણી દ્વારા પુરી પાડવામાં આવી હતી.

# ડુંગરા ભમતા પાટનગરના યુવાને નવી અનોખી ઉંચાઇ સર કરી..!!

## તાજેતરમાં જ વૈશ્વિક સ્તરે સૌથી હાઇએસ્ટ મોટરેબલ પાસ બનેલા લદ્દાખના "ઉમલિંગ લા" પહોચતો સૌપ્રથમ કાર રાઇડર બન્યો : અગાઉ જે હાઇએસ્ટ પાસ હતો તે "ખારદુંગ લા" પણ તેણે ૪૨ વાર સર કર્યો છે : "ઉમલિંગ લા" પંહોચતા મોબાઇલમાં ચીનનું નેટવર્ક પકડાવા લાગતા રોમાંચ અનુભવ્યો

ગાંધીનગર, તા.૩૧

"ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી"

ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ અને લેખક ઉમાશંકર જોષીની આ પંક્તિઓ કયા ગુજરાતીએ સાંભળી નહીં હોય? તાજેતરમાં જ તા.૨૧મી જુલાઈએ આ મહાન કવિની જન્મજયંતિ હતી જેમણે આ કવિતા દ્વારા ગુજરાતીઓના સાહસવંતા




ખમીરને વાચા આપવાનું કામ કર્યુ છે. આજે ગુજરાતી યુવાનો અનેક સાહસિક પ્રવૃતિઓમાં જોડાઈ રહ્યાં છે જેમાં એડવેન્ચર સ્પોર્ટ્સથી માંડીને ટ્રેકિંગ, માઉન્ટેઈનિંગ, લોંગ ડીસ્ટન્સ સાયકલિંગ તેમજ માઉન્ટેઈન બાઈક રાઈડ કે કાર રાઈડ જેવાં સાહસોનો સમાવેશ થાય છે. ગાંધીનગરના યુવાનો પણ હવે આ સાહસિક પ્રવૃતિઓમાં પાછળ નથી રહેતા. શહેરના માત્ર ૩૬ વર્ષીય માઉન્ટેઈન રાઈડર ધર્મદિપસિંહ રાઓલે તાજેતરમાં જ બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન - બીઆરઓ દ્વારા ચીન તરફની અંકુશ રેખા નજીક તદ્દન નવા વિકસાવાયેલા અને હજુ કોઈ રાઈડર ત્યાં પંહોચ્યા નથી તેવા વિશ્વના હાઈએસ્ટ મોટરેબલ પાસ લદ્દાખના "ઉમલિંગ લા" પાસને પોતાની સાહસિક કાર રાઈડ થકી સર કર્યો છે. રોમાંચક વાત તો એ બની કે તેઓ જ્યારે "ઉમલિંગ લા" પાસ પંહોચ્યા ત્યારે તેમના મોબાઈલમાં ચીનનું નેટવર્ક પકડાવા લાગ્યું હતું અને મોબાઈલની ઘડિયાળ પણ ચીનનો સમય દર્શાવવા લાગી હતી. અત્યાર સુધી લદ્દાખનો દરિયાઈ સપાટીથી ૧૭૯૮૨ ફુટ ઉંચાઈ ધરાવતો "ખારદુંગ લા" પાસ વિશ્વનો સૌથી હાઈએસ્ટ મોટરેબલ પાસ ગણાતો હતો પરંતુ બીઆરઓ દ્વારા "ઉમલિંગ લા" ખાતે ૧૯૦૨૪ ફુટ ઊંચાઈ પર ૨૦ કીમીનો રોડ બનાવી દેતાં તે હવે પ્રથમ ક્રમાંકનો વિશ્વનો સૌથી હાઈએસ્ટ મોટરેબલ પાસ બની ગયો છે અને "ખારદુંગ લા" દ્વિતિય ક્રમે ધકેલાયો છે. જોકે આજે પણ અત્યંત દુર્ગમ ગણાતા "ખારદુંગ લા" પાસને ધર્મદિપસિંહ રાઓલે બે પાંચ વાર નહીં પરંતુ કુલ ૪૨ વખત કાર અને બાઈક રાઈડ થકી સર કર્યો છે. ગાંધીનગર જિલ્લાના માણસાના મૂળ વતની અને શહેરના કુડાસણ વિસ્તારમાં રહેતા જિલ્લા પંચાયતના પૂર્વ કર્મચારી અને રાષ્ટ્રીય કક્ષાના બાસ્કેટબોલ પ્લેયર રહી ચૂકેલા પ્રવિણસિંહ રાઓલ અને તેમનાં પત્ની વિલાસબેનના દિકરો અને દિકરી એમ બે સંતાનો પૈકી મોટા દિકરા ધર્મદિપસિંહ રાઓલ બાળપણથી જ સાહસ અને સ્પોર્ટ્સમાં પહેલેથી રુચિ ધરાવતા હતા. તેમની આ વૃત્તિને ખીલવવા તેમના પિતાએ ધર્મદિપ જ્યારે સાતમા ધોરણમાં હતાં ત્યારે બે વાર એડવેન્ચર કેમ્પમાં મોકલ્યાં હતા જે બંનેમાં ધર્મદિપને એ-પ્લસ રેકિંગ પ્રાપ્ત થતાં તેમને યુથ હોસ્ટેલની પ્રવૃતિઓ સાથે જોડી દીધાં હતા જેમાં ધર્મદિપ તે સમયે સૌથી નાની વયના વોલિયન્ટર હતા. યુથ હોસ્ટેલની સાહસિક અને




પ્રકૃતિલક્ષી પ્રવૃતિઓ સાથે જોડાયેલાં માર્ગદર્શક ચૈતન્ય નિમાવતે ધર્મદિપમાં સાહસિક વૃત્તિ નિહાળીને તેમને વિશેષ ધ્યાન આપીને કેમ્પિંગ શીખવાડવાનું શરૂ કર્યુ હતું અને ધર્મદિપ તેમના ઉત્સાહ અને સાહસથી ખૂબ ઝડપથી "કેમ્પ લીડર" બની ગયાં હતાં. સમય સાથે યુવાન બનેલા ધર્મદિપસિંહે ધીમે ધીમે ચૈતન્ય નિમાવત સાથે મળીને તેમના વિવિધ ટ્રેકિંગ કેમ્પ, નેચર કેમ્પ વગેરેનું ઓર્ગેનાઈઝિંગ પણ શરૂ કરી દીધું હતું અને વર્ષ ૨૦૧૩માં તેમણે "ઓશન એડવેન્ચર્સ"ના નામથી પોતાની સ્વતંત્ર રીતે ટ્રેકિંગ કેમ્પના આયોજ શરૂ કર્યા હતાં જેમાં તેઓ ગીરથી માંડીને જેસલમેર, દાર્જિલિંગ અને મનાલી સહિતના ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશના અનેક સ્થળોએ કેમ્પિંગ કરાવવા લાગ્યાં હતાં. આ દરમ્યાન ૨૦૧૫માં તેમને પહેલીવાર બાઈક લઈને લદ્દાખ જવાનું મન થયું અને તેમણે એકલાં જ જવાની તૈયારીઓ શરૂ કરી દીધી કેમકે તે સમયે આ એક અત્યંત જોખમી અને સાહસપૂર્ણ બાઈક રાઈડિંગ હતું જેથી તેમાં અન્ય કોઈ જોડાશે કે કેમ તે અંગે તેમને શંકા હતી. જોકે તેમના નજીકના મિત્રોને આ વાતની ખબર પડતાં એક પછી એક ધીમે ધીમે દસ મિત્રો તેમની સાથે આ રાઈડમાં જોડાયાં હતા અને તા.૨૧મી જુન ૨૦૧૫ના રોજ તેમણે આ લદ્દાખની સૌપ્રથમ બાઈક રાઈડ કરી હતી.

ધર્મદીપસિંહને શરુઆતથી જ રોયલ એનફિલ્ડ બાઈક પ્રત્યે ખૂબ લગાવ રહ્યો છે અને હંમેશા કોઈપણ પ્રકારના લૉન્ગ ડિસ્ટન્સ બાઈક રાઈડ માટે આ બ્રાન્ડના બાઈક જ વાપરવાનો આગ્રહ રાખે છે. પોતાની પહેલી જ બાઈક રાઈડમાં તેઓ તે સમયના વિશ્વના સૌથી હાઈએસ્ટ મોટરેબલ પાસ "ખારદુંગ લા" સફળ રીતે પહોંચ્યાં હતાં અને આ રીતે તેમનો આત્મવિશ્વાસ વધતાં પછી તેઓએ "ખારદુંગ લા" ઉપરાંત સ્પિતિ વેલીથી માંડીને ભારતના પૂર્વોત્તરનાં સાતેય રાજ્યોને આવરી લેતા પ્રવાસ સહિત ભૂતાન સુધીની રાઈડ પણ કરી હતી. હવે તેમનો આ શોખ પેશનમાં પરિવર્તિત થઈ રહ્યો હતો જે માટે તેમણે મિત્રો સાથે મળીને "બુલેટ હોકર્સ" નામનું રાઈડર્સ ગૃપ બનાવ્યું જેમાં તેઓ રાઈડમાં જે ખર્ચ આવે તે એકબીજા સાથે વંહેચી લઈને વિવિધ ટ્રીપોનું આયોજન કરતાં રહ્યાં છે. "બુલેટ હોકર્સ" થકી તેમણે એડવેન્ચર કાર રાઈડના આયોજન પણ શરૂ કરી દીધાં જેમાં તેઓ પોતાની સ્કોર્પિયો કાર લઈને જવા લાગ્યાં. પહેલાં તો તેઓ રાઈદ દરમ્યાન રાત્રિ રોકાણ કોઈ હોટેલમાં કરતાં પરંતુ ધીમે ધીમે તેમણે અને બધા મિત્રોએ પોતપોતાના ટેન્ટ જ વસાવી લીધાં છે જેથી અનુકૂળ સ્થળ શોધીને ટેન્ટમાં જ રાત્રિવાસો કરે અને જાતે જ ભોજન પણ બનાવી લે એટલું જ નહીં પરંતુ જ્યારે બીજા દિવસે આગળ વધવાનું હોય ત્યારે ટેન્ટ સમેટ્યા બાદ સૌપ્રથમ તમામ કચરો ઉપાડી લઈ તે વિસ્તારની સફાઈ કરીને જ આગળ વધવાનો તેમણે નિયમ બનાવી દીધો છે. વ્યવસાયિક કારકિર્દી માટે શરૂઆતના ૬ વર્ષ એરપોર્ટ પર જોબ કરીને કોરોના લોકડાઉન બાદ ગવર્નમેન્ટ કોન્ટ્રાક્ટર બનેલા ધર્મદીપસિંહની એક ખાસિયત રહી છે કે તેઓ કાર રાઈડ હોય કે બાઈક રાઈડ પરંતુ દરેક રાઈડને હંમેશાં તેઓ જાતે જ લીડ કરવાનું પસંદ કરે છે. એકવાર લદ્દાખની રાઈડ દરમ્યાન રસ્તામાં બાઈક બગડ્યું હતું અને દુર્ગમ વિસ્તારમાં પરેશાન થઈ રહ્યાં હતા તે સમયે ત્યાંથી પસાર થતા વત્સલ પદમા નામના એક લદ્દાખી બાઈક મિકેનિક યુવાને તેમની મદદ કરી હતી જે પછી તેમનો ખાસ મિત્ર બની ગયો હતો અને "ખારદુંગ લા" પાસની રાઈડ્સના આયોજનમાં તેમને મદદરૂપ બનવા લાગ્યો. આ વત્સલ



પદમાએ ધર્મદિપસિંહને તાજેતરમાં જુલાઈ માસમાં યોજેલી રાઈડ દરમ્યાન નવો હાઈએસ્ટ મોટરેબલ પાસ "ઉમલિંગ લા" બની ગયો છે પરંતુ હજુ કોઈ ટુરિસ્ટ ત્યાં ગયા નથી કેમકે વચ્ચેનો રસ્તો હજુ બનવાનો ચાલુ છે તેવી માહિતી આપી હતી. આ સાંભળીને ધર્મદિપસિંહે ત્યાં જવા માટે ઈચ્છા દર્શાવી અને બંનેએ તૈયારીઓ આરંભી દીધી હતી. ગત તા. ૧૭મી જુલાઈના રોજ સવારે પોતાની લદ્દાખની ૪૨મી બેચ પતાવી બપોરે જ બંને સ્કોર્પિયો લઈને નીકળી પડ્યાં હતાં. તેમણે પોતાની સાથે કારમાં ભોજન માટે ફળો અને ચોકલેટ્સ લીધાં તેમજ એક ૪૦ લીટર ડીઝલનો કેરબો લીધો હતો કેમકે ત્યાં રસ્તામાં કોઈ પેટ્રોલપંપ મળે નહીં. વત્સલ સ્થાનિક હોવાથી રસ્તાઓનો જાણકાર હતો પરંતુ તેને કાર ડ્રાઈવિંગ આવડતું ના હોવાથી તમામ રસ્તે ધર્મદિપસિંહને જ કાર ડ્રાઈવ કરવાની હતી. "ખારદુંગ લા"થી નીકળીને કુલ ૬૦ કિમીના માર્ગમાં ૪૦ કિમી તો અત્યંત વિષમ પથરાળ માર્ગ હતો જેના પરથી તેઓ સાંજે "હાન લે" પંહોચ્યાં જ્યાંથી રાત્રે આકાશગંગાઓ સૌથી વધુ સ્પષ્ટ નિહાળી શકાય છે. અહીં તેમની કારના ટાયરમાં પથ્થર ઘુસી જતાં પંકચર પડ્યું ત્યારે ખબર પડી કે કારમાં જેક ચડાવવા માટેનો સળીયો રોડ જ લેવાનું ભુલી ગયાં છે. છેવટે બંનેએ કારને એક પથ્થર પર ચડાવી હાથેથી ફેરવી ફેરવીને જેક ચડાવ્યો અને પછી હાથેથી નીચેની જમીન ખોતરીને માટી હટાવી પથ્થર દૂર કરીને ટાયર બદલ્યું હતું. આ પછી રાત્રે ૮ વાગે "ઉમલિંગ લા" પંહોચી ગયાં હતાં. આ સ્થળે ઓક્સિજનની માત્રા ખૂબ ઓછી હોવાને કારણે વધુ રોકાવું શક્ય નહોતું તેથી ૧૫-૨૦ મિનિટ રહીને તેઓ પરત ફર્યા હતા પરંતુ આ દરમિયાન એક અનોખો અનુભવ થયો જેમાં તેમના મોબાઈલમાં ચીનનું નેટવર્ક પકડાવા લાગ્યું હતું. આ પછી તેઓ અન્ય રસ્તે શોકર, મોરપ્લેન રોડ, પાંગ અને સર્ચ્યુ થઈને બીજા દિવસે મનાલી પંહોચ્યા હતા. આ સળંગ ૧૭ કલાકની રાઈડમાં દરમ્યાન ધર્મદિપસિંહે નોનસ્ટોપ ૧૧૦૦ કિમી ડ્રાઈવ કર્યુ હતુ. તેઓ કહે છે કે તેમની દરેક રાઈડમાં અનેક મુશ્કેલીઓ અને યાદગાર અનુભવો થયાં છે જેમાં તેમનો અનેકવાર જીવ પણ બચ્યો છે. તેમના આ સાહનસને જોઈને ફરી ઉમાશંકર જોષી યાદ આવે જેમણે તેજ કવિતાના અંતમાં લખ્યું છે કે..

"આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી."

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

# જન્મદિને વધામણી



**મનીષાબેન પટેલ**
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪



**લાભશંકર સી રાવલ**
મો. ૮૪૮૮૦ ૯૪૨૬૭



**દામીની રાવલ**
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૭૦૯૯૦ ૯૨૦૨૬



**પોપટલાલ એસ પ્રજાપતિ**
મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫



**ભૂમિ જોગાણી**
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૫૦ ૧૩૮૨૦



**જયેશ તન્ના**
આસિ. પ્રોફેસર
બીબીએ કોલેજ, ગાંધીનગર
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦



**દેવાલાલ મણિલાલ નાયી**
મો. ૯૯૨૪૭ ૪૬૨૫૬



**ભાવના વ્યાસ**
ભાવના એડ એજન્સી
મો. ૯૮૨૫૦ ૩૯૦૨૪




**લાભુભાઈ જે ગોર**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



**કાંતિભાઈ પટેલ**
નિવૃત્ત મેનેજર, સર્કિટ હાઉસ
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪



**વીરાભાઈ પી ઠાકોર**
રેડક્રોસ, ગાંધીનગર




**ભારતીબેન જોષી**



**ભાનુકાન્ત પી. પરમાર**



**અંશુમાનસિંહ વિશાલસિંહ ડોડીયા**
મો. ૯૯૯૮૭ ૩૪૧૪૬



**કાર્તિક રાજપુરોહિત**



**રીતેશકુમાર સોની**

# અખિલ આંજણા કેળવણી મંડળની શિક્ષકો સાથે બેઠક

શનિવાર તારીખ ૩૦/૭/૨૨ના રોજ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ દ્વારા શાળાના શિક્ષકો સાથે મિટિંગ યોજાઈ હતી. જેમાં બાળકોને લગતા સ્વાસ્થ્ય સબન્ધી પ્રશ્રોની ચર્ચા કરવામાં આવી હતી. શાળાના બાળકોની સલામતી, આરોગ્ય સંબન્ધી, શિક્ષણ સબંધી, સ્વછતા ને લગતા તમામ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. શાળાના આચાર્યા રમીલાબેન ચૌધરીએ પદાધિકારીઓની ઓળખ આપી આભાર માન્યો હતો.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.રાજપુત રાજેશકુમાર ગીરજેશસિંહ** ઉ.વ.૫૬, ચાંદખેડા
- **સ્વ.રાઠોડ શકુબેન અરજનભાઈ** ઉ.વ.૧૦૦, સે-૨૪ ઈન્દિરાનગર
- **સ્વ.ત્રિવેદી નવિનચંદ્ર પુરષોત્તમદાસ** ઉ.વ., સેકટર-૨૧
- **સ્વ.વાઘેલા અમરબા શંકરસિંહ** ઉ.વ.૬૬, લિંબોદ્રા, માણસા
- **સ્વ.સોલંકી શારદાબેન જવાનજી** ઉ.વ.૬૮, ડભોડા
- **સ્વ.ઠાકોર બળદેવજી ચંદુજી** ઉ.વ.૫૦, પુન્દ્રાસણ